।। सा विद्या या विमुक्तये ।।

# શારદ

વર્ષ ૧૫ જુલાઈ-ઑગસ્ટ - ૧૯૯૪ અંક ૧

## વાલીઓને,

ગયા શારદમાં શાળાની મોટી સંખ્યા અંગે ઉલ્લેખ થયેલો. શાળાની મોટી સંખ્યા અનેક પ્રશ્નો ઊભા કરે છે. આ સંદર્ભમાં કેટલીક વ્યવસ્થા અને નિયમોનું પાલન અપેક્ષિત છે.

શાળા છૂટ્યા બાદ, દસ પંદર મિનિટ દફતરી કામ અંગે સૌ રોકાયેલા હોય તે સ્વાભાવિક છે. આ જ સમયમાં શાળામાં વાલીઓ પોતાના બાળક અંગે ઓફિસમાં આવે તે બરાબર નથી. આથી પોતાના પ્રશ્ન અંગે વાલી આગોતરો સમય નક્કી કરે તે પણ જરૂરી છે. આમ છતાં, સામાન્યતઃ પ્રાથમિક વિભાગ માટે સોમ, મંગળ, બુધવારે બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ અને ગુરુવાર, શુક્રવારે બપોરના ૨.૩૦ થી ૪.૦૦ નક્કી કરવામાં આવ્યાં છે. વિનયમંદિર (શ્રેણી ૮ થી ૧૦) માટે બપોરના ૩.૦૦ થી ૪.૩૦ સોમથી શુક્રવાર માટે નક્કી કરવામાં આવ્યાં છે. શ્રેણી ૧ થી ૧૦ માટે શનિવારે આગોતરો સમય લઈને આવવું.

પ્રાથમિક વિભાગના બાળકો છૂટે ત્યારે વાલીઓનો ધસારો સામેની બાજુએ થાય તે યોગ્ય નથી. લેવા આવનાર બાળકોના વાલીઓ તરફથી આ મુશ્કેલી વારંવાર આવે છે. છૂટવાનાં સમયે લેવા આવનારા વાલીઓને ખાસ વિનંતી કે આવેલા સૌ એવી રીતે ઊભા રહે કે જેથી બાળકો મૂંઝાય નહીં. કેટલાક વાલીઓ વચ્ચે એવી આડશ કરીને ઊભા રહે છે કે બીજા વાલીઓ છૂટતાં બાળકોને જોઈ જ નથી શકતાં. આવી સામાન્ય બાબત અંગે સૂચના આપતાં સંકોચ જરૂર થાય છે પણ કેટલાંક વાલીઓ આ અંગે સાવચેતી નથી રાખતાં તે જોવા મળે છે. જ્યારે સામૂહિક પ્રશ્ન હોય ત્યારે અન્યની સુવિધાનો ખ્યાલ ન રાખીએ તે કેમ ચાલે ? કોઈપણ પ્રશ્ન અંગે પહેલો સંપર્ક ઓફિસનો જ કરવો આવશ્યક છે. સીધા શિક્ષકની સાથે કાંઈ ચર્ચામાં ન ઉતરવાની અમારી સૂચના છે. કારણ કે તેમ કરવાથી ઊભા થતાં પ્રશ્નોનું નિરાકરણ કરવું અમારે માટે મુશ્કેલ બને છે.

ઉપરોક્ત આયોજન સમગ્ર બાળકોના હિત ખાતર કર્યું છે. તેમાં અનુભવે કોઈ ફેરફાર બાળકના હિતમાં અમને જણાશે તો અવશ્ય આવકારીશું.

**- દિનુભાઈના વંદન**

## કાવ્ય

ફૂલ એક મને મળ્યું.
જોઈ મને હસવા લાગ્યું
એટલું હસ્યું કે રડી પડ્યું
બોલ્યું, ''મારું જીવન ટૂંકું''
હમણાં કોઈક આવશે
ચૂંટશે અહીંથી મને
ઘડી બે ઘડીમાં કરમાઈને
પૂરી થશે આ જિંદગી
ક્યારે ક શોભુ વાળમાં
તો ક્યારેક વળી હું હારમાં
ક્યારેક પ્રભુના ચરણ જો મળે
તો જીવન ધન્ય બની જશે
માનવજીવન પણ અલ્પ છે.
ધાર્યું ન કાલે શું થશે
જીવનની એ અણમોલ પળો
ધન્ય બનાવી દો તમે

**અમી પાઠક (૮ क)**

## વસમી વિદાય

શિશુમંદિરનું પ્રાંગણ છોડતાં
દુઃખ મને બહુ થાય છે,
સ્નેહભરી જે વીતી પળો
હૃદયમાં ઊભરાય છે.
સાત સાત વર્ષો સુધી
પ્રેમ પામ્યાં ગુરુતણો
પ્રેરણાને પ્રોત્સાહનનો
સતત સ્ત્રોત વહેતો રહ્યો
મઝા જે અહીં માણી તેના
સંભારણા સાથે લીધા
પ્રગતિ કરવા કાજે
નવું પ્રયાણ આજે કરું.

**- દેવકી દવે (૮ क)**

## "આજે હું શું પહેરું ?"

"ઓહ ! આજે તો ગુરુવાર... ફ્રી ડ્રેસનો દિવસ.... શું પહેરીને સ્કુલે જાઉ ? મમ્મી.... ઓ મમ્મી..... હું આજે શું પહેરું ?"

"પહેરને તને જે પહેરવું હોય તે ! આટલાં બધાં તો ડ્રેસ છે... ગમે તે પહેર. એમાં પૂછવાનું શું ?"

ને અનુજાને મનમાં દ્વિધા થઈ. સારાં દેખાવું કોને ન ગમે ? "એક નૂર આદમી હજાર નૂર કપડાં '..... કપડાં ભલે શરીરનાં રક્ષણ અને ઢાંકણ માટે હોય પણ આજે તો તે સુંદર દેખાવા માટેનું એક મોટું પરિબળ બની ગયું છે. છેલ્લામાં છેલ્લી ફેશનનાં આધુનિક વસ્ત્રપરિધાનથી સૌને આકર્ષક દેખાવું ગમે છે, પરંતુ એ જ વસ્ત્રપરિધાનમાં વ્યક્તિનાં વ્યક્તિત્વ અને સંસ્કારિતાનું પણ પ્રતિબિંબ પડે છે, એ આપણે ઘણુંખરું ભૂલી જઈએ છીએ, એટલું જ નહીં પણ ક્યાં અને ક્યા પ્રસંગે કેવા કપડાં પહેરવા જોઈએ ? કેવા કપડાં શોભે ? આ બધું આપણે વિચારીએ છીએ ખરા ?....

"આજે પંજાબી પહેરું ? ના...ના... પંજાબી તો હવે ચીલાચાલુ થઈ ગયાં તેના કરતાં બરમુડા પહેરું તો ! પણ પેલી અદિતિ તો જીન્સ ને ટી શર્ટ પહેરવાની છે. તો હું પણ એવું જ પહેરું તો !" આવી મથામણો ગુરુવારને દિવસે કેટલી વિદ્યાર્થિનીઓના મગજમાં ચાલતી હશે ?....

ને પરિણામે ગુરુવારનાં દિવસે લગભગ પાંચ સાત કે ક્યારેક તો તેથી ય વધુ છોકરીઓને મારે પાસે બોલાવી કહેવું પડે.... 'બેટા ! આવાં કપડાં પહેરીને સ્કૂલમાં ન અવાય." મોટાં થાય, કિશોરાવસ્થા શરૂ થાય એટલે શરીરનો વિકાસ થવા માંડે અને ત્યારે માએ દીકરીને શીખવવું પડે કે કેવા કપડાં પહેરીએ તો મર્યાદા સચવાય, સારાં જરૂર લાગવા જોઈએ પણ તે મર્યાદા સચવાય તેવાં તો હોવા જ જોઈએ. ચારે બાજુથી બેનોની અસલામતિ માટેની ફરિયાદો સંભળાય છે. છોકરીઓની છેડતીના બનાવો દિન પ્રતિદિન વધતાં જાય છે ને ત્યારે વસ્ત્રપરિધાનની આધુનિક રીત પણ ખાસ વિચારણા માંગી લે છે. સહશિક્ષણ હોય ત્યાં મર્યાદાશીલ પોશાક એ ખૂબ જરૂરી છે, સંસ્કારી અને શિષ્ટ વાતાવરણ જાળવવા માટે તે મહત્ત્વનું પરિબળ છે, એ દીકરી ક્યારેક રસ્તે પણ એકલી જતી હોય ત્યારે ઉત્તેજનાપૂર્ણ વેશભૂષાથી પોતાની જ સહીસલામતીને જોખમમાં નથી મૂકતી !!! દીકરીની માતાએ આ તરફ જાગૃત થવાનો સમય આવી પહોંચ્યો છે.

- ઊર્મિલા શાહ

માતાપિતા પાસેથી આપણે પ્રેમ અને ઉલ્લાસ પામીએ છીએ, એક પછી એક પગલું માંડતાં શીખીએ છીએ, પણ પુસ્તકો ખોલીએ છીએ ત્યારે ખબર પડે છે કે આપણને પાંખો ફૂટી છે.

- હેલન હેઈઝ

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

બાલમંદિરમાં નવાં બાળકોનું આગમન થયું છે. નવા બાળકો બાલમંદિરનાં પ્રેમભર્યા અને ઉમંગભર્યા વાતાવરણમાં ઓતપ્રોત થવા માંડ્યા છે. વિધવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર તન્મય થવા માંડ્યાં છે; બાલમંદિરનું વાતાવરણ તેમને ગમવા માંડ્યું છે, ને બાલમંદિર તેમને પોતાનું લાગવા માંડ્યું છે.

તા. ૨૦-૭-૯૪ થી ગૌરીવ્રત શરૂ થતાં બેનોએ માથે જવારા લઈને 'ગોરમાનો વર કેસરિયો' વગેરે ગરબા ગાઈને હોંશભેર, ગૌરી-વ્રતની ઉજવણી પાંચ દિવસ સુધી કરી. બાળાઓમાં, અદમ્ય ઉત્સાહ અને આનંદ હતાં.

હવે બાળકો સ્થાપનાદિનની તથા જન્માષ્ટમીની ઉજવણીની તૈયારીમાં મગ્ન બની ગયાં છે.

વાલીઓને ખાસ વિનંતી કે આપનાં બાળકને બાલમંદિરમાં સમયસર આવવાની ટેવ અત્યારથી જ પાડવી. જીવનમાં શિસ્તની કેળવણી માટે તે ખૂબ અગત્યનું છે.

તમારા બાળક અંગે કોઈ પ્રશ્ન હોય તો તે અંગે ઓફિસમાંથી અગાઉ મુલાકાતનો સમય બુધ અને શુક્રવારનો શાળા છૂટ્યા પછીનો લેવાથી તમને તથા ઓફિસને અનુકૂળતા રહેશે. આ અંગે કોઈ શિક્ષકનો સીધો સંપર્ક ન કરવા ખાસ સૂચના આપવામાં આવે છે.

ધી અમદાવાદ મીલીટરી એન્ડ રાયફલ ટ્રેનીંગ એસોસીએશન તરફથી યોજાયેલ તરણ સ્પર્ધામાં ૨૫ મીટર ફ્રી સ્ટાઈલમાં ટ્યુબ સાથે તાલીમનાં ચિ. રુચિશ શાહ પ્રથમ આવ્યાં છે તે બદલ ધન્યવાદ.

## આભારદર્શન

હાલ અમેરિકામાં સ્થાઈ થયેલ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની શ્રી જ્યોતિબેન પંડિત તરફથી મળેલ નીચે પ્રમાણે દાનનો સહર્ષ સ્વીકાર કરતાં હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

(૧) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં દર વર્ષે બિઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને ઈનામ માટે રૂા. ૧૦૦૦/-.

(૨) ન્યુ એસ.એસ.સી.માં દર વર્ષે સંસ્કૃત વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને, સ્વ. પૂ. શ્રી વલ્લભરામ વૈદ્યની સ્મૃતિમાં ઈનામ માટે રૂા. ૨૦૦૦/-.

(૩) ધોરણ ૧ થી ૧૦ સુધીમાં વર્ષ દરમિયાન લલિતકલા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈ કે બહેનને પૂ. કાશીબેન વૈદ્ય તરફથી ઈનામ માટે રૂા. ૨૦૦૦/-.

બાળકો બોજા વિના શાળામાં આવે તેવા પ્રસ્તાવનાં પ્રતિભાવરૂપે શાળાનાં વાલી શ્રી શ્યામભાઈ શાહ, શ્રી ભૂપેન્દ્રભાઈ શાહ તથા શ્રી પ્રફુલ્લભાઈ ઠક્કર તરફથી મળેલ પાઠ્યપુસ્તકોનો આભાર સહ સ્વીકાર કરતાં આનંદ અનુભવું છું.

## શિશુમંદિર

**ચૂંટણી :** તા. ૯-૭-૯૪નાં રોજ યોજાયેલ ચૂંટણીમાં નીચેના વિદ્યાર્થીઓ ચૂંટાયેલા જાહેર થયાં, તે બદલ તેમને અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | મહામંત્રી | અભિજીત મુનશી. | (૭અ) |
| | ઉપમંત્રી | શ્રીધર શેઠ | (૭ બ) |
| બહેનો | મહામંત્રી | હરિતા શાહ | (૭ અ) |
| | ઉપમંત્રી | શાલ્વી શેઠ | ૭ અ) |

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે આંતરગૃહ નેતા તથા ઉપનેતાની નિયુક્તિ કરવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| રત્નદીપ | ભાઈઓ | નેતા | પ્રણવ ત્રિવેદી | (૭ અ) |
| | | ઉપનેતા | રોનક શાહ | (૭ અ) |
| | બહેનો | નેતા | નીકી ચોક્સી | (૭ અ) |
| | | ઉપનેતા | શિમોની શાહ | (૭ બ) |
| મેઘનાદ | ભાઈઓ | નેતા | બ્રિજેશ શાહ | (૭ અ) |
| | | ઉપનેતા | ગૌરવ દલાલ. | (૭ ક) |
| | બહેનો | નેતા | રાજસી શેઠ | (૭ ક) |
| | | ઉપનેતા | નિરજા વસાવડા | (૭ અ) |
| ધવલગિરિ | ભાઈઓ | નેતા | માલવ દેસાઈ | (૭ અ) |
| | | ઉપનેતા | માલવ મહેતા | (૭ બ) |
| | બહેનો | નેતા | પાયલ સંઘવી | (૭ ક) |
| | | ઉપનેતા | નિજી શાહ | (૭ ક) |
| ગંગોત્રી | ભાઈઓ | નેતા | હર્ષ અમીન | (૭ અ) |
| | | ઉપનેતા | પ્રીતવ શાહ | (૭ અ) |
| | બહેનો | નેતા | માનસી નવાબ | (૭ ક) |
| | | ઉપનેતા | ચાર્મી પટેલ | (૭ બ) |

સૌ ભાઈ-બહેનોને ધન્યવાદ.

## આંતરગૃહ સ્પર્ધાઓ

**મહેંદી સ્પર્ધા ૧૮-૭-૯૪**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | હરિતા શાહ | (૭ અ) | ગંગોત્રી |
| દ્વિતીય | કાજલ વ્યાસ | (૭ અ) | રત્નદીપ |
| | જલ્પા રાણપરા | (૭ બ) | રત્નદીપ |
| તૃતીય | પલક પટેલ | (૭ ક) | મેઘનાદ |
| | ઉર્વી શાહ | (૭ અ) | ધવલગિરિ |

નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ શ્રી ભાનુબેન પટેલ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

**સુલેખન સ્પર્ધા ૨૧-૭-૯૪**

**હિન્દી**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | હરિતા શાહ. | (૭ અ) | ગંગોત્રી |
| દ્વિતીય | મનન ગોસલિયા. | (૬ ક) | રત્નદીપ. |
| તૃતીય | શાલ્વી ગાંધી | (૬ ક) | મેઘનાદ. |
| | એક્તા શેઠ | (૬ બ) | રત્નદીપ. |

**અંગ્રેજી**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | હરિતા શાહ. | (૭ અ) | ગંગોત્રી |
| દ્વિતીય | રાજસી શેઠ | (૭ ક) | મેઘનાદ |
| તૃતીય | શિમોની શાહ. | (૭ બ) | રત્નદીપ |

**ગુજરાતી**

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | માનસી નવાબ | (૭ ક) | ગંગોત્રી. |
| દ્વિતીય | નીલ શાહ | (૭ ક) | મેઘનાદ. |
| તૃતીય | હરિતા શાહ | (૭ અ) | ગંગોત્રી |
| | રોનક શાહ | (૭અ) | રત્નદીપ. |

**ગૌરીવ્રત ઉત્સવ**

તા. ૨૨-૭-૯૪નાં રોજ ધોરણ ૫ થી ૭ ની બહેનોએ તથા તા. ૨૩-૭-૯૪નાં રોજ ધોરણ ૧ થી ૪ ની બહેનોએ ગૌરીવ્રતનો ઉત્સવ ઉજવ્યો. સુંદર ચણીયાચોળીને ઓઢણીમાં સજ્જ થઈ માથે જવારા લઈ આનંદભેર ગરબે ઘૂમ્યાં.

તા. ૨૨-૭-૯૪નાં રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે ધોરણ ૫, ૬, ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ 'એકલવ્ય' નાટક રજૂ કર્યું, જેમાં ગુરુ પ્રત્યેની નિષ્ઠા અને આદરભાવ વ્યક્ત કર્યા.

તા. ૧૯-૭-૯૪નાં રોજ નહેરૂ ફાઉન્ડેશનના ઉપક્રમે 'પર્યાવરણ અને પાણીની જાળવણી' વિષે સમજ આપતું નાટક દર્પણ એકેડમીનાં કલાકરોએ રજૂ કર્યું.

## અભિનંદન

**ચિત્ર :** Friends International Clubs Organization Japan આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. અભિજીત મુનશી (૭ અ) તથા ભાવિ તલાટી (૭ બ)ને સર્ટિફિકેટ મેળવવા બદલ ધન્યવાદ.

Young Envoys International હૈદ્રાબાદ યોજીત ચિત્રસ્પર્ધામાં અનુશી શાહ (૧ અ), અભિજીત મુનશી (૭ અ), સલોની શ્રોફ (૪ ક) અને રાજીતા મુનશીને સર્ટિફિકેટ મેળવવા બદલ અભિનંદન.

Kores ચિત્રસ્પર્ધામાં ચિ. ચાર્મી પટેલ (૭ બ)ને ત્રીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

તા. ૩-૭-૯૪નાં રોજ 'Times of India' તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિ. શર્વિલ ટંકશાળી (૪ બ)ને ત્રીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

રસના તરફથી યોજાયેલ કલર કોમ્પીટીશનમાં દ્વિતીય ઈનામ મેળવવા બદલ ચિ. હીરલ પાછીયા (૫ બ)ને અભિનંદન.

**વેશભૂષા સ્પર્ધા :** જેસીસ અમદાવાદ નોર્થ તરફથી યોજાયેલ વેશભૂષા સ્પર્ધામાં હીરલ પાછીયા (૫ બ)ને પ્રથમ ઈનામ મેળવવા બદલ અભિનંદન.

**મહેંદી સ્પર્ધા :** અખિલ હિંદ મહિલા પરિષદ અલીસબ્રીજ શાખા આયોજીત મહેંદી સ્પર્ધામાં ચિ. હરિતા શાહ (૭ અ) બીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

**સ્કેટીંગ :** એલીસબ્રીજ જીમખાના તરફથી ૯-૭-૯૪નાં રોજ યોજાયેલ સ્કેટીંગ હરીફાઈમાં કથન ડોક્ટર (૧ બ)ને બીજું સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન.

**નૃત્ય :** ધોરણ ૭ અ નાં ચિં. ઉર્વી શાહે ૧૨-૬-૯૪નાં રોજ આરંગેત્રલ કરીને 'નૃત્યભારતી એકાદમી ઓફ ડાન્સીસ' ના ઉપક્રમે પ્રમાણપત્ર મેળવ્યું છે તે બદલ અભિનંદન.

અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડલી (મુંબાઈ) દ્વારા લેવાતી સંગીતની 'મધ્યમા પ્રથમ' પરીક્ષામાં ચિં. કાનન વૈદ્યને (૬ અ) વિશેષ યોગ્યતા મેળવવા બદલ અભિનંદન.

# વિનય મંદિર

**પરિણામ**

માર્ચ ૧૯૯૪માં લેવાયેલ ધોરણ ૧૨નાં વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૮૫% આવ્યું છે. જેમાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી ચિં. ભાવિક મનોજકુમાર વ્યાસને સ્વ. પન્નાબેન ગાંધીનાં સ્મરણાર્થે રૂા. ૧૫૧ ઇનામ મળે છે તે માટે ધન્યવાદ.

સામાન્ય પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૧% આવ્યું છે. જેમાં શાળામાં પ્રથમ આવનાર ચિ. તરલ મુકુલભાઈ ઝવેરીને સ્વ. પ્રકાશભાઈ પંડિતનાં સ્મરણાર્થે ૧૫૧ રૂા. ઇનામ મળે છે. તે માટે ધન્યવાદ.

માર્ચ ૧૯૯૪માં લેવાયેલ ન્યુ. એસ.એસ.સી. પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૩% આવ્યું છે. જેમાં ચિ દેવલ આશિષભાઈ સોપારકરે કેન્દ્રમાં ૮મું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે બદલ તેમને ધન્યવાદ. બેન દેવલને શાળામાં પ્રથમ આવવા બદલ સ્વ. કલ્યાણભાઈ ગાંધીનાં સ્મરણાર્થે રૂા. ૧૫૧ ઇનામ મળે છે તે માટે અભિનંદન.

## ચૂંટણી

૧૯૯૪-૯૫ના વર્ષ માટે યોજાયેલ ચૂંટણીમાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ મહામંત્રી તથા ઉપમંત્રીઓ તરીકે ચૂંટાઈ આવ્યાં છે.

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | મહામંત્રી | નીરવ શાહ | (૯ બ) |
| | ઉપમંત્રી | નીલ મહેતા | (૯ અ) |
| બહેનો | મહામંત્રી | શાલ્વી મહેતા | (૯ ક) |
| | ઉપમંત્રી | ભૂમિ વ્યાસ | (૯ બ) |

ઇતર પ્રવૃત્તિને અનુલક્ષીને ૧૯૯૪-૯૫નાં વર્ષ માટે નીચે પ્રમાણે ગૃહનેતા તથા ઉપનેતાની પસંદગી કરવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| મેઘદૂત | ભાઈઓ | નેતા | નિલય ભગત | (૯ ક) |
| | | ઉપનેતા | કુશલ પાલખીવાલા | (૯ ક) |
| | બહેનો | નેતા | નમ્રતા શાહ | (૯ ક) |
| | | ઉપનેતા | માસુમ પટેલ | (૯ ક) |
| ચંદ્રમૌલિ | ભાઈઓ | નેતા | રીશીત પટેલ | (૯ અ) |
| | | ઉપનેતા | જીતાર્થ વોરા | (૯ બ) |
| | બહેનો | નેતા | મેધાવી મહેતા | (૯ અ) |
| | | ઉપનેતા | રૂચિતા બલર | (૯ અ) |
| પદ્મપુકુર | ભાઈઓ | નેતા | રોનક શાહ | (૯ ક) |
| | | ઉપનેતા | વત્સલ શાહ | (૯ ક) |
| | બહેનો | નેતા | હીરલ શાહ | (૯ બ) |
| | | ઉપનેતા | ક્રીષ્ના ઉપાધ્યાય | (૯ ક) |
| ગીતગોવિંદ | ભાઈઓ | નેતા | રીઝવાન મેમન | (૯ બ) |
| | | ઉપનેતા | ચિંતન ગોસલિયા | (૯ બ) |
| | બહેનો | નેતા | રૂચિ સોપારકર | (૯ બ) |
| | | ઉપનેતા | જાનકી શાહ | (૯ બ) |

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

૨૬-૬-૯૪ને બુધવારનાં રોજ શ્રી દેવેન્દ્રભાઈ ઠાકરે વિદ્યાર્થીઓ સમક્ષ શિસ્ત અંગે વક્તત્વ રજૂ કર્યું.

તા. ૩૦-૬-૯૪નાં રોજ પૂ. દિનુભાઈએ વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કર્યું .

તા. ૧૪-૭-૯૪ અને ૨૧-૭-૯૪ ના રોજ પૂ. દિનુભાઈએ ધો. ૮, ૯નાં વિદ્યાર્થીઓ સમક્ષ વર્તમાન ગ્રહોની સ્થિતિ તથા ગુરૂ-ધૂમકેતુ વિષે વૈજ્ઞાનિક માહિતી આપી.

તા. ૨૦-૭-૯૪નાં રોજ 'ગાંધી સવાસો વર્ષ નિમિત્તે પ્રખર કેળવણીકાર શ્રી યશવંતભાઈ શુકલે પ્રેરણામય પ્રવચન કર્યુંને વિદ્યાર્થીઓને જીવનમાં સત્ય અહિંસા તથા પ્રેમ અપનાવવા અનુરોધ કર્યો.

તા. ૧૨-૭-૯૪નાં રોજ શ્રેણી ૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓ સમક્ષ શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા ટી.વી. કલાકાર ભાઈ દર્શન ત્રિવેદીએ ટી.વી. તથા ફિલ્મોનાં Trick scenes તથા કલાકારોનાં પરિશ્રમ વિષે વક્તવ્ય રજૂ કર્યું.

## અભિનંદન

**સ્કેટીંગ**

સ્ટેટ લેવલ પર યોજાયેલ સ્કેટીંગ સ્પર્ધામાં ચિ. અન્વી શાહે (૮ ક) રાજ્ય કક્ષાએ આર્ટીસ્ટીક સ્કેટીંગમાં પ્રથમ તથા ફીગર સ્કેટીંગમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે બદલ અભિનંદન.

યંગ એન્વોયઝ ઇન્ટરનેશનલ, હૈદ્રાબાદ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિ. પ્રિયાંગી મુનશી (૮ અ)ને રૌપ્યચંદ્રક તથા પ્રમાણપત્ર મેળવવા બદલ અભિનંદન.

Friends International Club's Organization Japan આયોજીત ચિત્ર સ્પર્ધામાં મેરીટ સર્ટિફિકેટ મેળવવા બદલ ધો. ૮ ક નાં ચિ. અન્વી શાહને અભિનંદન.

મહેંદી : અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રિજ શાખા યોજીત મહેંદી સ્પર્ધામાં ચિ. ગાયત્રી પટેલ (૮ ક)ને ઇનામ મેળવવા બદલ અભિનંદન.

## શ્રદ્ધાંજલિ

તા. ૨૩-૬-૯૪નાં રોજ ભાઈ પાર્થ પ્રફુલ્લભાઈ (શ્રેણી ૧નાં) અકાળ અવસાનની નોંધ લેતા અમે ભારે દુઃખની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર સદ્‌ગતનાં આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

સ્વ. શ્રી પાર્થની સ્મૃતિમાં શ્રી પ્રફુલ્લભાઈ ઠક્કર તરફથી શિશુમંદિર પુસ્તકાલયને રૂા. ૧૦૦૦નાં પુસ્તકો ભેટ મળ્યાં છે. તે બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭.
ટાઈપ સેટીંગ : આકાશ ગ્રાફિક્સ, ૧૮ પલ્લવી ટાવર-૧, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોન : ૪૬૪૮૧૬
મુદ્રણ સ્થળ : મારૂતિ પ્રિન્ટર્સ, તાવડીપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪. ફોન : ૩૧૨૩૧૨, ૩૪૫૫૫૯